અપીલ અરજી નં.૯૮ તા.૨૦–૭–૦૮

અરજદાર: શ્રીગુલામભાઈ મેમણ

સામાવાળા:ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થ ઝોન

**હુકમ:–**

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રીગુલામભાઈ મેમણની તા.૨૬–૬–૦૮ નીઅરજીથી રિવરવ્યુ સોસાયટી ભરીમાતા રોડ અને વેડરોડ આવેલી વોર્ડ નં.૧૫–ડી, નોંધ નં.૫૬૧૩ વાળી જગ્યા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૦–૭–'૦૮ ની અપીલ અરજી નં.૯૮/૨૦૦૮–૦૯

શ્રીગુલામભાઈ મેમણની તા.૨૬–૬–૦૮ ની અરજીથી રિવરવ્યુ સોસાયટી ભરીમાતા રોડ અને વેડરોડ આવેલી વોર્ડ નં.૧૫–ડી, નોંધ નં.૫૬૧૩ વાળી જગ્યા બાબતે ડે.કમિશ્નર(પ અનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનના પત્ર નં.નોર્થઝોન/આઉટ/૩૦૯૮ તા.૧૯–૭–૦૮ થી અરજદારે અરજી પાછી ખેંચી છે. એવા જવાબથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને તા.૨૬–૬–૦૮ તથા ૨ અને ૩–૭–૦૮ ની મૂળ અરજીઓ તેમજ તા. ૨૬–૬–૦૮ ની પરત ખેંચવામાં આવેલી અરજી બાબતેની વિગતો, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૩ તા.૨૫–૭–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થ ઝોનને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેમના પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૩૧૪ તા.૨–૮–૦૮ થી મોકલેલ કાગળો સાથે ઉપરોકત નકલો મોકલેલ છે. દરમ્યાન અરજદાર તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન/સે.ઝોન/આ.નં.૫૮૭ તા.૧૮–૮–૦૮ થી અરજદારે અપીલ અરજી પરત ખેંચેલ છે તેની મુળ નકલ સે.ઝોન મારફતે અત્રે મોકલી આપેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૬–૬–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી મ.માહિતી અધિકારીને તા.૭–૭–૦૮ ના રોજ પરત ખેંચતી અરજી અરજદારે કરેલ છે. જેમાં ફી ભર્યાની રસીદ નંબરનો ઉલલેખ યોગ્ય રીતે કરેલ જણાય છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ નોર્થઝોન/આ.નં.૩૦૯૮ તા.૧૯–૭–૦૮ થી અરજી દફતરે કર્યાની અરજદારને જાણ કરવામાં આવેલ છે. ત્યાર બાદ અરજદારે તા.૨૦–૭–૦૮ ના રોજ અપીલ અરજી કરેલ તથા અરજદારે સે.ઝોન ખાતેના નાગરિક સુવિધા કેન્દ્રમાં તા.૧૪–૮–૦૮ ના રોજની અરજીથી માહિતીની જરૂરીયાત ન હોઈ દફતરે કરવા જણાવતી અરજી મોકલેલ છે. જેથી અપીલ અંગે કંઈ કાર્યવાહી કરવાની રહેતી નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી,નોર્થ ઝોન..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ગુલામ મેમણ, ચોક બજાર,સાગર હોટલની સામે,સુરત.,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા
કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.